ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૭૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૦૩-૦૯-૨૦૨૨

- **" મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના " ના નામે રાજ્યની ૧૭૦૦ રજીસ્ટર ગૌશાળા / પાંજરાપોળમાં ૪.૪૨ લાખ ગૌવંશ માટે ૫૦૦ કરોડ રૂપિયાની સહાયની જાહેરાત કરી મતો મેળવ્યા.**
- **હિન્દુ ધર્મની આસ્થાનાં પ્રતિક અને સજીવ સૃષ્ટિનું એક એવુ અબોલ જીવ કે જેમા ૩૩ કરોડ દેવતાનો વાસ એવી ગૌમાતાની પુકાર ભાજપાવાળાએ અમને પણ ન છોડ્યા.....**
- **સહાય ન ચુકવાતા રાજ્યનાં ગૌપ્રેમીઓ, ગૌભક્તો, ગૌશાળા સાથે જોડાયેલી ધાર્મિક સંસ્થાઓ અને સંતો-મહંતો રાજ્ય સરકાર સામે લાલ ધુમ.**
- **ભાજપા શાસનમા ગાયમાતાનુ રુદન, હુ મારા અસ્તિત્વ માટે લડુ છુ, મારી સાથે રાજય સરકારે પણ ઉચિત વહેવાર નથી ક્યૌં ....**
- **ગાય પર દયા ન કરે તેવી સરકાર ઉપર પણ જનતા દયા નહી કરે ....**

ગુજરાત સરકારશ્રી દ્વારા " મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના" અંતર્ગત ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ૩ જી માર્ચ ૨૦૨૨ ના રોજ ૫૦૦ કરોડની બજેટમા જોગવાઈ અને મંજુરી આપી છતાં આ સહાય ગૌશાળા અને પાંજરાપોળને ચુકવવામા આવી નથી.

" મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના" અંતર્ગત તા.3.3.2022 ના રોજ 2022-23 નાં વર્ષિક બજેટમાં મંજુર કરવામા આવેલ સહાય

- ૫૦૦ કરોડ રૂા. - ગોશાળા અને પાંજરાપોળના ગૌધન નિભાવ માટે
- ૨૧૩ કરોડ રૂા. - ગાય આધારીત પ્રાકૃતિક ખેતી માટે ખેડુતોને ગાયના નિભાવ માટે
- ૧૦૦ કરોડ રૂા. -રખડતા અને નિરાધાર પશુધનના નિભાવ માટે

આમ રજીસ્ટર ગૌશાળાઓ અને પાંજરાપોળોમાં જે ગૌવંશ સાચવવામા આવે છે તેમને સહાય પેટે પ્રતિદિન એક ૧ ગૌવંશને રૂા.30 અને ૧ નંદીને ૪૦/- રુપિયા પ્રમાણે પહેલી એપ્રિલ ૨૦૨૨ થી સહાય ચુકવવામાં આવશે એવુ મુખ્યમંત્રીએ જણાવેલ છે, પરંતુ આજ દિવસ સુધી એક ફુટી કોડી આપવામા આવી નથી. અને બીજી બાજુ સરકાર અને મંત્રીઓ તરફથી સહાયના વાયદા અને જાહેરાતો સતત ચાલુ છે. ત્યારે ૩૩ કરોડ દેવતાનો જેમા વાસ એવા હિન્દુ ધર્મની આસ્થાનુ પ્રતિક ૪.૪૨ લાખ ગૌમાતાઓની આ મશ્કરી છે, રજીસ્ટર ગૌશાળાઓ અને પાંજરાપોળોમા પોતાના જીવન અસ્તિત્વ સામે લડી રહેલી ગૌમાતા માટે નિષ્ઠુર ભાજપા સરકારનુ રુવાડુ પણ હલતુ નથી.

**<u>રાજ્યમાં મુખ્યમંત્રીશ્રી</u>** ગૌશાળાઓના પ્રતિનિધિઓને ૭ જુલાઈ ૨૦૨૨ ની રુબરુ મુલાકાતમા જુન મહિનાના અંત સુધીમા આ સહાય ચુકવાઈ જશે તેવી ખાતરી આપે છે.

**<u>ભાજપાના પ્રદેશ પ્રમુખશ્રી</u>** રાજકોટ ખાતેની હિંદુ ધર્મસભામાં જાહેરાત મંચ પરથી સહાય આપવાની જાહેરાત કરી સભા મંચ ઉપર ઉપસ્થિત સંતો-મહંતો અને ગૌપ્રેમીઓને ખાતરી આપે છે.

**<u>રાજય સરકારના મંત્રી અને પ્રવકતાશ્રી</u>** જીતુ વાઘાણી જણાવે છે કે ૧૮ મી મે ૨૦૨૨ રોજ કેબીનેટ બેઠકમા ચર્ચા બાદ મા.મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય લીધો છે કે પહેલી એપ્રિલ ની અસરથી સહાય મદદ મળી રહેવાની છે, એવુ સરકારનાં પ્રવાક્તા શ્રી જીતુભાઇ વાઘાણી જણાવેલ.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતાશ્રી મનહર પટેલ જણાવે છે કે, ભાજપા સરકાર એક બાજુ ગાય આધારીત પ્રાકૃતિક ખેતીની વાતો કરી છે અને બીજી બાજુ ગૌમાતા અસ્તિત્વ પર ભાજપા સરકાર ખુદ જોખમો  ઉભા કરી રહી છે, આવી બે ધારી વાતો ભાજપા બંધ કરે અને રાજય સરકારે ૨૦૨૨-૨૩ ના બજેટમાં ૫૦૦ કરોડ રુપિયાની ફાળવેલા નાણા ગૌમાતાના છે તેને એક સેકન્ડનો પણ વિલંબ કર્યા વગર પોતાની તેજુરીમા ન રાખતા ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોને પહોચાડે.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ